# મેંદરડાના ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ સાહેબની અદાલતમાં, મું.મેંદરડા.

ફોજદારી કેસ નંબર– ૪૮/૨૦૨૬
આંક :–

ફરિયાદી :– શ્રી સરકાર

// વિરૂધ્ધ//

આરોપી :– પંકજ દેવાભાઈ દાફડા,
રહે. મેંદરડા, મણીનગર, તા.મેંદરડા જિ.જૂનાગઢ

બાબત :– પ્રોહીબીશન એકટની કલમ– ૬૬ (૧)(બી) મુજબ.

==================================================

ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી કે.બી.ટાંક
આરોપી તરફે વિ. વકીલ શ્રી પી.પી.સારીયા

==================================================

**// ચુ કા દો //**

(૧) આ કામના આરોપી સામે પ્રોહી. એકટ કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનાનુ ચાર્જશીટ આ કોર્ટમા ઈન્સાફી કાર્યવાહી સારૂ રજુ કરેલ છે.

(૨) હાલના આરોપી અદાલત રુબરુ હાજર રહેલા અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપેલ અને આરોપીની પ્રથમ આંક–૪ થી પ્લી રેકર્ડ કરેલી. જેમા આરોપીએ ગુનો કબુલ કરેલાનુ જણાવેલ અને તે મતલબની આંક–૩ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુનો છે તેમને ગુનો કર્યાનો પસ્તાવો છે અને આરોપી ગરીબ પરિસ્થિતીના છે. જેથી હળવી સજા કરવા રજુઆત કરેલ છે.

(૩) આજરોજ અદાલતમા આરોપી તરફેની રજુઆત ધ્યાને લેતા અને કેસનુ રેકર્ડ ધ્યાને લેતા આરોપી તરફેની કબુલાત ધ્યાને આરોપીનો પ્રથમ વખતનો ગુન્હો હોય તેવુ જણાઈ આવે છે. આરોપી સ્વેચ્છાએ કબુલાત કરે છે અને સદરહુ કબુલાત બીનકેફે કે કોઈ ગેરરજુઆત વગર કરવામાં આવેલ છે તેવુ જણાઈ આવે છે. આરોપી તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે તેઓને ગુન્હો કર્યા અંગેનો પસ્તાવો છે અને હવે બીજી વખત આવા પ્રકારનો ગુન્હો નહી કરે તેવી ખાત્રી આપતા હોય જે ધ્યાને લેતા આરોપી એ જે કબુલાત આપેલી છે તે સ્વૈચ્છિક હોય તેવુ જણાઈ આવે છે. આ કામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)બી માં વધુ માં વધુ છ માસની સજા અને ૧૦૦૦/–રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. આરોપી એવી રજુઆત કરે છે કે અમોને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી છે અને અમને વધુ જેલમાં

રાખવામાં આવશે તો તેમના પરિવારજનોનુ ભરણપોષણ થઈ શકે તેમ નથી અને તેમને ઓસીયાળુ જીવન જીવવાની પરિસ્થિતી ઉપસ્થિત થાય તેમ છે. જે તમામ સંજોગો અને હકીકત ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

(૧) આ કામના આરોપીઃ પંકજ દેવાભાઈ દાફડા, રહે. મેંદરડા, મણીનગર, તા.મેંદરડા જિ.જૂનાગઢ વાળાને બી.એન.એસ.એસ.–૨૭૫ અન્વયે ગુજરાત પ્રોહી. એકટની કલમ ૬૬(૧)બી મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) ના દંડની સજા કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો દીન–૩(ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૪, માહેઃ માર્ચ, સને ૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ : મેંદરડા.
**સ્પેશ્યલ સીટીંગ**

**( કૃષ્ણ સિંહ રાઠૌર )**
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
**U.I.Code No. GJ001638**

**એમ. એમ. નં. તા.૧૪/૦૩/૨૦૨૬ થી રુપીયા**
**૧૦૦/– દંડ વસુલ લીધો.**
**તા.૧૪/૦૩/૨૦૨૬**

**રજીસ્ટાર**
**જયુડી. મેજી. ફ. ક.કોર્ટ,**
**મેંદરડા**